## અમદાવાદમાં અમુક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની વકી

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર : રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદની આગાહી

**આવ રે, વરસાદ** દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસી શકે છે, બાકીના ભાગોમાં પણ વરસાદ વરસશે : ગરમી વધતા ઉકળાટ વધ્યો

। અમદાવાદ ।

દરિયાની સપાટી પર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છવાયું છે. જેની અસરના ભાગરૂપે હવામાન ખાતાએ આગામી પાંચ દિવસ સુધી વરસાદની આગાહી કરી છે. તેમાં પણ ખાસ કરીને સુરત અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી કરી છે. અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

અમદાવાદ શહેરમાં આજે ગરમીનો પારો ઉંચકાતા ૩૩.૬ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૩૪ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. પરંતુ ભેજના ઉંચા પ્રમાણના કારણે લોકો પરસેવાથી રેબઝેબ બન્યા હતા. અસહ્ય ઉકળાટથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. વાદળછાયા વાતાવરણના કારણે મચ્છરનો ત્રાસ પણ વધી ગયો છે. હવે નૈઋત્યનું ચોમાસું શરૂ થઈ ગયું હોય ધીમે ધીમે વરસાદના દિવસો વધતા જશે. આ વખતે હવામાન ખાતાએ અમદાવાદ શહેરના અમુક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ભેજનું પ્રમાણ ૮-૩૦ વાગ્યે ૮૪ ટકા અને સાંજે ૫-૩૦ વાગ્યે ૬૫ ટકા નોંધાયું હતું.

### ક્યાં, ક્યારે, કેટલા વરસાદની આગાહી

- તા.૨૫ના રોજ હળવાથી મધ્યમ વરસાદ દક્ષિણ ગુજરાત, દમણ, દાદરા નગર હવેલી, અમદાવાદ, આણંદ, અરવલ્લી, દાહોદ, ગાંધીનગર, ખેડા, મહીસાગર, પંચામહાલ, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ અને દીવ.
- તા.૨૫ થી ૨૬ હળવાથી મધ્યમ વરસાદ સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા નગર હવેલી.
- તા.૨૬ થી ૨૭ હળવાથી મધ્યમ વરસાદ નવસારી, વલસાડ, ડાંગ, દમણ દાદરા નગર હવેલી.
- તા.૨૭ થી ૨૮ હળવાથી મધ્યમ વરસાદ નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા નગર હવેલી.
- તા.૨૮ થી ૨૯ હળવાથી મધ્યમ વરસાદ નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા નગર હવેલી.

### આગામી પાંચ દિવસ અહીં ભારે વરસાદની આગાહી

ડાંગ । નવસારી । સુરત । ભરૂચ । તાપી

### ડાંગ જિલ્લામાં સતત બે દિવસથી ધોધમાર વરસાદ આહવામાં ૧.૨૮ ઈંચ, વઘઈમાં ૩ ઈંચ વરસાદ

વાંસદા-ડાંગ : ગુજરાતના ચેરાપુંજી ગણાતા ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ડાંગ જિલ્લામાં પૂર્વપટ્ટી વિસ્તારમાં આવેલા વઘઇ ખાતે ગુરૂવારે સાંજે ૬ થી સાંજે ચાર વાગ્યા સુધીમાં ૭૭ મીમી ૩ ઇંચ વરસાદ જ્યારે આહવા ખાતે ૩૨ મીમી ૧ ઇંચ વરસાદ, સુબિર ખાતે ૧૦ મીમી, અને સાપુતારા ખાતે ૬ મીમી વરસાદ પડયો હતો. કેચમેન્ટ વિસ્તારમાં આવેલા નાના મોટા ચેકડેમો છલકાય ઉઠ્યા હતા. નદીઓ બંને કાંઠે વહેતી થતા નયનરમ્ય નજારો જોવા મળ્યો હતો.

### ભાવનગરમાં અડધા કલાકમાં એક ઈંચ, ઉમરાળા ૨૫, ઘોઘા ૧૯ મીમી વરસાદ

ભાવનગર : ભાવનગરમાં ગુરૂવારે બપોરના ૩ કલાકે મેઘરાજાએ એકાએક આગમન કર્યુ હતુ અને શહેરના છેવાડે હવામાન વિભાગ કચેરી આસપાસ ધોધમાર વરસીને અડધા કલાકમા એક ઇંચ પાણી વરસાવી દીધુ હતુ. જો કે, શહેરમાં માત્ર ૦૭ મિ.મિ. વરસાદ નોંધાયો હતો. વિતેલા ૨૪ કલાકમાં ઉમરાળા તાલુકામાં ૨૫ મી.મી., ઘોઘા તાલુકામાં ૧૯ મી.મી., સિહોર તાલુકામાં ૮ મી.મી., વલ્લભીપુર તાલુકામાં ૭ મી.મી., ભાવનગર તાલુકામાં ૭ મી.મી.,પાલીતાણા તાલુકામાં ૫ મી.મી. અને ગારીયાધાર તાલુકામાં ૪ મી.મી. વરસાદ નોંધાયો છે.

## GSHSE એક્ટમાં નવા સુધારા સામે HCમાં અરજી

# ટીચિંગ-નોન ટીચિંગની નિમણૂકનો હક સરકાર છીનવી ન શકે : લઘુમતી સ્કૂલો

। અમદાવાદ ।

સરકાર દ્વારા ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશન એક્ટ-૧૯૭૨માં સરકારે ૩૧ મેના રોજ સુધારો કર્યો છે. આ સુધારા સામ સેંટ જોસેફ ઈંગ્લિશ હાઈસ્કુલ, પ્રકાશ હાઈસ્કુલ સહિત ૨૦ જેટલી ગ્રાંટ મેળવતી લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓએ ( ખાનગી સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળા) હાઈકોર્ટમાં અરજી કરી છે. સુનાવણી બાદ, હાઈકોર્ટે સરકાર અને એડ્વોકેટ જનરલને નોટિસ પાઠવી છે. હાઈકોર્ટે સરકારને આદેશ કર્યો છે કે, ત્રણ સપ્તાહમાં જવાબ રજૂ કરો અને અરજદાર એક સપ્તાહમાં રિજોઈન્ડર રજૂ કરે. આ કેસની વધુ સુનાવણી ૨૦ જુલાઈએ હાથ ધરાશે. અરજદારે કાયદાની સેક્શન-૩૫ની કાયદેસરતાને પડકારી છે. અરજદારની માગ છે કે, 'સરકારે કાયદામાં સુધારો કરીને ગ્રાંટ મેળવતી લઘુમતિ શાળાઓ પાસેથી શિક્ષક, આચાર્ય અને નોન ટીચિંગ સ્ટાફની નિમણૂંક કરવાનો હક લઈ લીધો છે, જેને રદ કરો.' હાઈકોર્ટમાં અરજદારની રજૂઆત હતી કે, 'સરકારે કાયદામાં સુધારો કર્યો છે. આ ઉપરાંત, મૂળ કાયદાની સેક્શન ૧૭, ૩૪(૨) અને ૩૫ને લઘુમતિ શૈક્ષણિક સંસ્થાઓ પર અમલી બનાવી છે. જે મુજબ શિક્ષકો, આચાર્યની નિમણૂંક, પ્રમોશન કે તેમને હાંકી કાઢવાની સત્તા હવે સરકારને રહેશે.'

# નવી ઈન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ અને લોજિસ્ટિક્સ પાર્ક પોલિસીને મંજૂરી

## ખાનગી ભાગીદારીને વધુ પ્રોત્સાહિત કરવા સૂચિત પ્રોત્સાહનો તથા સપોર્ટ મિકેનિઝમ ગોઠવવામાં આવ્યું

। ગાંધીનગર । (પ્રતિનિધિ દ્વારા)

મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને ગુરુવારે મળેલી ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ ડેવલપમેન્ટ બોર્ડ-જીઆઈડીબીની ૩૮મી બોર્ડ મિટિંગમાં નવી ઈન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ એન્ડ લોજિસ્ટિક્સ પાર્ક પોલિસી-૨૦૨૧ને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ હતી.

આ પોલિસી હેઠળ લોજિસ્ટિક્સ પાર્ક, વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ, એર ફ્રેઈટ સ્ટેશન, જેટી, બંદર વગેરેની સ્થાપના માટે ઉત્તેજન અપાશે. નવી જેટી માટે ૨૫ ટકા કેપિટલ સબસિડી મહત્તમ રૂ. ૧૫ કરોડની મર્યાદામાં, ૭ વર્ષ માટે ૭ ટકા વ્યાજ સબસિડી વાર્ષિક મહત્તમ રૂ. ૫૦ લાખની મર્યાદામાં અપાશે. ઉપરાંત ૧૦૦ ટકા સ્ટેમ્પ ડ્યૂટી માફી અપાશે. રોજગારી સર્જન માટે ૧૨૦ કલાકથી વધુ તાલીમ માટે તાલીમાર્થી દીઠ રૂ. ૧૫ હજાર રિઈમ્બર્સ કરાશે.

જીઆઈડીબીના સીઈઓ એવા મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે બેઠકમાં નવી પોલિસી તથા જીઆઈડીબીના નવા પ્રોજેક્ટ્સ અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન કર્યું હતું. નવી પોલિસીમાં રાજ્યના લોજિસ્ટિક નેટવર્કને વધુ અસરકારક અને મજબૂત બનાવવા તેમજ ખાનગી ભાગીદારીને વધુ પ્રોત્સાહિત કરવા સૂચિત પ્રોત્સાહનો તથા સપોર્ટ મિકેનિઝમ ગોઠવવામાં આવ્યું છે.






## શિક્ષણ સચિવે મુલાકાત લઈને રિપોર્ટ તૈયાર કરવા કહ્યું

# સરકારી ધો.૧ થી ૮ની શાળાઓ મર્જ કરવા BRC કો-ઓર્ડિનેટરો પાસે માહિતી માગી

## જળયાત્રામાં મેયર-મ્યુનિ.ના પદાધિકારીઓને આમંત્રણ જ નહીં

અમદાવાદ : રથયાત્રા પૂર્વે આજે જગદીશ મંદિરેથી નીકળેલી જળયાત્રામાં શહેરના પ્રથમ નાગરિક એવા મેયર કિરીટ પરમાર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટ સહિત મ્યુનિ. પદાધિકારીઓની ગેરહાજરીથી ચર્ચાઓ થવા


BANASKANTHA DISTRICT CO-OP. MILK
PRODUCERS' UNION LTD.,

Available on : Flipkart

ऋतुराज®
आयुर्वेदिक औषधीय तेल

સ્વસ્થ અને મજબૂત વાળ !!!

હવે કોઈ બીજા નવા હેર ઓઈલની સલાહ નહીં

3 અઠવાડિયા